પોઈચાના સ્વામી સામે ચીટીંગનો ગુનો દાખલ થતાં ખળભળાટ

રતનપુર ગામનાં જમીન દલાલે એપ્રિલમાં લીંબડીયા કેનાલમાં કરેલા આપઘાત પ્રકરણમાં ડભોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ : સ્યુસાઇડ નોટ મૃતકે જ લખી હોવાનો એફ.એસ.એલ. રિપોર્ટ આવી જતા ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૧

ડભોડા નજીક આવેલા રતનપુર ગામમાં રહેતા એક જમીન દલાલે એપ્રિલ માસમાં લીંબડીયા કેનાલમાં આપઘાત કરી લીધો હતો. કેનાલ બહાર પડેલી તેની કારમાંથી સ્યુસાઇડ નોટ મળી આવી હતી અને તેમા મેઘરજની એક જમીનમાં પોઈચાનાં એક સ્વામી તથા તેના માણસો દ્વારા કરવામાં આવેલી છેતરપીંડી અને વિશ્વાસઘાતનો ઉલ્લેખ કરાયેલો હતો. આ સ્યુસાઇડ નોટમાં મૃતકનાં જ અક્ષર છે કે કેમ તેની ખરાઇ માટે નોટને એફ.એસ.એલ મોકલવામાં આવી હતી. આ અક્ષર મૃતકનાં જ હોવાનો રિપોર્ટ એફ.એસ.એલ માંથી આવી જતા મૃતકની પત્નિની ફરિયાદને આધારે ડભોડા પોલીસે સ્વામી સહિત ચાર શખ્સો સામે ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ડભોડા નજીક રતનપુર ગામનાં જમીન દલાલ પ્રવિણસિંહ ઉર્ફે શાભાજી બબુજી બિહોલાએ ૧૩ થી ૧૫ એપ્રિલ વચ્ચે કોઇ પણ સમયે લીંબડીયા નર્મદા કેનાલ બહાર તેની ગાડી મુકીને આપઘાત કરી લીધો હતો. ગાડીમાંથી તેમનો મોબાઇલ અને એક સ્યુસાઇડ નોટ મળી આવી હતી જેમાં તેમના લેવડ-દેવડનાં હિસાબો અને આપઘાત કરવા મજબુર કરનાર કિસ્સાનો ઉલ્લેખ કરેલો હતો. મેઘરજની એક જમીનમાં તેની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી થઇ હતી અને તે કરનારનાં નામો પણ સ્યુસાઇડ નોટમાં લખેલા હતા. જેમા પોઇચાનાં એક સ્વામી અને તેના માણસોના નામો લખેલા હોવાથી ખળભળાટ મચી જવા પામ્યો હતો. ડભોડા પોલીસે જે-તે સમયે અકસ્માત મોતનો ગુનો નોંધી સ્યુસાઇડ નોટ કબ્જે લઇ લીધી હતી. આ સ્યુસાઇડ નોટમાં પ્રવિણસિંહનાં જ અક્ષર છે તેની ખરાઇ માટે સ્યુસાઇડ નોટને એફ.એસ.એલ મોકલવામાં આવી હતી. આ અક્ષર મૃતકનાં જ હોવાનો રિપોર્ટ એફ.એસ.એલ માંથી આવી જતા મૃતકની પત્નિની ફરિયાદ લઇ ડભોડા પોલીસ મથકનાં પી.એસ.આઇ ડી.બી.વાળાએ પોઇચાવાળા સ્વામી જયસ્વરુપ તથા તેમના માણસો મયુર પટેલ, દર્શનભાઇ અને પાર્થ પટેલ સહિત ચાર શખ્સો સામે આઇ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦, ૩૦૬, અને ૧૧૪ મુજબ ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરુ કરી છે. સુત્રો પાસેથી મળતી વિગતો મુજબ મેઘરજમાં ૧ હજાર વિઘા જમીનમાં આશ્રમ બનાવવા માટે સ્વામીએ ચાર-પાંચ દલાલોનો સંપર્ક કરી જગ્યા નક્કી કરીને તેને ખરીદવાનાં એમ.ઓ.યુ કરી નાંખ્યા હતા. દલાલોએ કેટલાક કરોડ રૂપિયા ખેડુતોને ચુકવી દીધા અને ત્યાર બાદ સ્વામીએ જમીન ના લેવી હોવાનું કહી દેતા તમામ દલાલો ભરાઇ ગયા હતા. આ ગુનામાં બીજા કેટલાક શખ્સોનાં નામો પણ ખુલે તેમ હોવાનું પોલીસ સુત્રો પાસેથી જાણવા મળ્યુ છે.

જમીન દલાલે લખેલી સ્યુસાઇડ નોટ

'મેઘરજ મોડાસાનો જે વ્યવહાર કરેલો તેમાં વિશ્વાસઘાત થયેલો છે અને તેમાં મારા પૈસા ડુબેલ છે. તથા વિક્રમસિંહ અમરસીંહ પરમાર પાસે જે પૈસા લેવાના છે તે અત્યારે હાલ નીકળે તેમ નથી તેમજ વિક્રમસિંહ અમરસીંહ પાસે ૨૦૧૦ના રોજ વીસ લાખ રૂપીયા બે ટકાના વ્યાજે આપેલ છે. તેનો સ્ટેમ્પ જશુજી હમીરજીના ઘરે પડેલ છે. તે સ્ટેમ્પની તારીખ જોઈ હીસાબ કરવા તથા નવ કરોડ આપ્યા છે તેમાં પંદર લાખ આપડા છે. તથા ૧-૮-૨૦૧૬થી આજ સુધીનું વિક્રમસિંહનું વ્યાજ ત્રણ લાખ લેખે આપણે ચુકવેલ છે. બાકીની વિગત ડાયરીમાં લખેલી છે. જે લાલા તારા ઉપર વિશ્વાસ છે. અને તારા ભાણીયાઓને ભણાવજે વિશ્વાસઘાતમાં ભરાઈ ગયેલો છુ. અને મેઘરજવાળી મેટરમાં દિલમાં આઘાત લાગવાથી હું આ પગલુ ભરૂ છુ. અને મારી બહાર રાખેલ મીલકત વેચી વેચીને દરેકના પૈસા આપી દેજો અને મેઘરજવાળી મેટરમાં વાઘેલા પ્રાંતિયાવાળા સાચુ નામ દીલીપ સટ્ટાવાળા આખી મેટર નિલેષભાઈ ખુશાલભાઈ પટેલ લીંબડીયાવાળા સમજાવી દેશે તેમાં પોઈચાવાળા જયસ્વરૂપ સ્વામી પણ સામેલ છે. જો મહંત આવા કામ કરશે તો દુનિયામાં વિશ્વાસ કોની ઉપર મુકવો તે અઘરી વાત થઈ જાય તેમાં મયુર પટેલ, દર્શનભાઈ તથા પાર્થ પટેલ, તથા મુન્નાભાઈ લીંબ તથા વિજયસીંહ તેમના મિત્ર બાપુ બારેજડી વાળા તેમણે બધાએ ભેગા મળીને આ પ્લાન બનાવીને અમારી જોડે છેતરપીંડી કરેલ છે. આ બધાને કોઈને છોડતા નહીં ગામના બધા વ્યાજે લીધેલ પૈસાનું આવુ થયુ એટલે વ્યાજ પણ ચુકવી શકાતુ નથી એટલે આ પગલુ ભર્યા વગર બીજો કોઈ જ આરો નથી. વ્યાજની ઉઘરાણીથી કંટાળી ગયો છું... તથા આ ચીટીંગ થયું તે મનમાં લાગી આવતા આ પગલુ ભરૂ છુ. મારા અંતિમ પ્રણામ' વિગેરે મતલબની સુસાઈડ નોટ લખી અને મારા પતિએ આપઘાત કરેલ છે. અને આ ચીઠ્ઠી મારા પતિએ લખેલ છે. તે હસ્તાક્ષરમાં પણ આવેલ છે.

સેવાસેતુમાં વિવિધ સેવાઓનો વોર્ડ નં. ૧ થી ૪ના ૧૯૧૯ મતદારોએ લાભ લીધો

ગાંધીનગર, તા. ૧

આજરોજ તમામ મહાનગર પાલિકા અને નગરપાલિકાઓમાં

પ્રજાની લાગણી-માંગણી અને અપેક્ષા પૂર્ણ કરવા બીજા તબક્કાનો સેવાસેતુનો કાર્યક્રમ યોજાયેલ જેમાં ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૧ અને ૪માં સમાવિષ્ટ સે. ૨૩, ૨૪, ૨૫, ૨૬, જીઆઈડીસી, સે. ૨૬, ૨૭, ૨૮ અને આદિવાડા ગામનો સેવાસેતુ કાર્યક્રમ તા. ૧-૯-૧૭ના રોજ સે. ૨૩, લગ્નવાડી, ગાંધીનગર ખાતે સવારે ૯ થી ૫ કલાક દરમ્યાન યોજાયેલ હતો. આ કાર્યક્રમ દરમ્યાન ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ડાયાબીટીસ અને બ્લડ પ્રેસરની સ્ક્રીનીંગ પણ રાખવામાં આવેલ જેમાં કુલ ૫૩૬ લાભાર્થીઓએ લાભ લીધેલ.

આ કાર્યક્રમમાં આધારકેમ્પની પણ વ્યવસ્થા કરવામાં આવેલ જેમાં ૧૫૨ લોકોએ આધારકાર્ડની નોંધણી કરાવેલ હતી. જેની કામગીરી કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પણ ચાલુ રહેલ હતી.

આ કાર્યક્રમ દરમ્યાન બેંક એકાઉન્ટ સાથે આધારલીંગ તથા મોબાઈલ લીંક જોડાણ ૨૫૫ આપવામાં આવેલ.

ટોરેન્ટ પાવર લીમીટેડ,

ગાંધીનગર દ્વારા એલઈડી બલ્બ અને ટ્યુબલાઈટ ૧૦૮ વેચાણ કરવામાં આવેલ.

કાર્યક્રમ દરમ્યાન સિનિયર સીટીઝન્સના કાર્ડ કાઢી આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવેલ હતી. જેમાં ૨૨ સિનિયર સીટીઝનોને લેમીનેશન કરી મહાનુભાવોના હસ્તે કાર્ડનું વિતરણ કરવામાં આવેલ હતું.

કાર્યક્રમ દરમ્યાન સ્વાઈન ફ્લુના અટકાયતી પગલાના ભાગરૂપે ઉકાળાનું વિતરણ કરવામાં આવેલ જેમાં ૫૩૩ નગરજનોએ લાભ લીધેલ.

આ કાર્યક્રમ દરમ્યાન જુદા જુદા વિભાગોને લગતી બાબતો અંગે ૧૯૧૯ અરજીઓ આવેલ હતી, જેમાંથી ૧૯૧૯ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવેલ.

કાર્યક્રમમાં મેયર, ડેપ્યુટી મેયર, ચેરમેન, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળે હાજરી આપી તમામ વિભાગોની મુલાકાત લઈ પૃચ્છા કરેલ હતી તેમજ તેઓના હસ્તે પ્રમાણપત્રોનું વિતરણ પણ કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં કાઉન્સીલરો સર્વ ધીરૂભાઈ ડોડિયા, બરખાબેન જ્હા, પ્રવિણાબેન દરજી, હર્ષાબા ધાંધલ, નિલાબેન શુકલ, અંકિત બારોટ, પ્રવિણાબેન વોરા તેમજ પૂર્વ કાઉન્સીલર સુરેશ મહેતા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

સ્વાઈન ફ્લુ અટકાવવા સફાઈ કરવી એ આપણા માટે અઘરી વસ્તુ છે... તેથી તેના ઉપાય રૂપે... આપણો જુનો અને જાણીતો ઉપાય તરીકે... સ્વાઈન ફ્લુથી બચવા ભવ્ય ભજન સંધ્યાનું આયોજન કર્યું છે...!!

લેંકાવાડાની મહિલા નદીનાં પુલ પરથી ફુલ પધરાવવા જતા પડી નહોતી, આપઘાત કર્યો હતો..!!

મૃતકની માતાએ સાસુ અને નણંદ સામે દિકરીનાં આપઘાતનાં દુષ્પ્રેરણની ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સે-૩૦ નજીક સાબરમતિ નદીનાં પુલ પરથી ફુલો પધરાવવા જતા લેકાવાડા ગામની એક મહિલા પડી જતા તેણીનું મૃત્યુ નિપજ્યુ હોવાની ઘટનામાં આજે વળાંક આવ્યો છે. મૃતક મહિલાની માતાએ સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપી છે કે તેમની દિકરી ફુલો પધરાવવા જતા પડી નહોતી પણ સાસુ અને નણંદનાં ત્રાસથી કંટાળીને તેમની દિકરીએ નદીમાં પડતુ મુકીને આપઘાત કરી લીધો હતો. સે-૨૧ પોલીસે બંને સામે ગુનો દાખલ કરીને ઘટનાની તપાસ શરુ કરી છે.

મળતી મહિતી મુજબ ૨૭ ઓગષ્ટે લેકાવાડા ગામની ૩૫ વર્ષિય વિધવા મહિલા સોનલબેન રિક્ષા કરીને સે-૩૦ પાસે સાબરમતિ નદીમાં ફુલ પધરાવવા જતા પડી ગઇ હોવાની ઘટના બનવા પામી હતી. આ પ્રકરણમાં સોનલની માતાએ સે-૨૧ પોલીસ સ્ટેશનમાં જઇને ફરિયાદ આપી છે કે સોનલે આપઘાત કર્યો હતો. સોનલની સાસુ મધુબેન કાળુસિંહ વાઘેલા અને નણંદ આશાબેન કાળુસિંહ વાઘેલા અવારનવાર દહેજની માંગણી કરી ઘર ખર્ચ માટે રૂપિયા પિયરથી લાવવાનું કહેતા હતા. જેનાથી કંટાળીને સોનલે આપઘાત કર્યો હોવાની ફરિયાદ આપતા સે-૨૧ પોલીસે સાસુ-નણંદ સામે આપઘાતનાં દુષ્પ્રેરણની ફરિયાદ લઇ ગુનો દાખલ કરી બારિકાઇપુર્વક તપાસ શરુ કરી છે.

ગાંધીનગરના દશેલા ગામ ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લામાં આજથી ત્રીજા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમનો આરંભ થયો છે. ૫૨૮૫ અરજીઓ મળી હતી. તમામ અરજીઓનો હકારાત્મક નિકાલ થયો છે.

દશેલા ગામ ખાતે યોજાયેલ

ગાંધીનગર તાલુકાના ત્રીજા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમનો આરંભ આજથી દશેલા ગામથી થયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત કુલ-સેવાસેતુ કાર્યક્રમની જિલ્લા પ્રભારી મંત્રી શ્રીમતી ડૉ. નિર્મલાબેન વાઘવાણી, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, કલેકટર શ્રી સતીશ પટેલે અને તાલુકા પંચાયત પ્રમુખ શ્રી કાળુસિંહ રાઠોડે લીધી હતી. સેવાસેતુ કાર્યક્રમ અંગેનો લોકો પાસેથી આ કાર્યક્રમ અંગેનો પ્રતિસાદ મેળવ્યો હતો. આ પ્રસંગે આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત દ્વારા રોગ પ્રતિકારક શક્તિ વધારતા ઉકળાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મામલતદાર શ્રી એ.જે.જોષી, ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

ભારત વિકાસ પરિષદ દ્વારા રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા યોજાશે

ભારત વિકાસ પરિષદ ગાંધીનગર દ્વારા આગામી તા.૩ સપ્ટેમ્બરને રવિવારના રોજ સેકટર-૨૩ ખીમજી વિસરામ હોલ નાથીબા કોલેજ ખાતે સવારે ૯.૩૦ કલાકે રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં ૧૮ ટીમોએ ભાગ લીધો છે.

ભારત વિકાસ પરિષદ સંપૂર્ણ ભારતમાં સમાજ સેવા અને ભારતીય સંસ્કૃતિના ઉત્થાન સાથે જોડાયેલ છે. આ કાર્યક્રમને અનુલક્ષી વિદ્યાર્થી ભાઈ બહેનો તેમજ યુવાનોમાં દેશભકિતની ભાવના જાગૃત થાય તે માટે રાષ્ટ્રીય કક્ષાએ રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધાનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવે છે. સમગ્ર દેશમાંથી લાખો બાળકો આ સ્પર્ધામાં ભાગ લે છે તેમજ શાખા, પ્રાંત અને દેશભરમાં રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા આયોજીત કરવામાં આવે છે.

ત્યારે ગાંધીનગરમાં આયોજીત રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ઉદ્‌ઘાટક લે.કર્નલ.સી.બી. નંદકુમાર, સેકન્ડ ઈન કમાન્ડ ૩-૧જીઆર, મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર કલેકટર સતિષભાઈ પટેલ અને અતિથિ વિશેષ તરીકે મેજર કલ્પેશ પંચાલ સેન્ટ્રલ એમઆઈ રુમ સહિત ભારત વિકાસ પરિષદના પ્રમુખ ચંદ્રકાંત રાવલ તેમજ હોદેદારો ઉપસ્થિત રહેશે.

એલ.આઇ.સી. દ્વારા દાવાઓ અન્વયે વર્ષમાં ૮૪૯.૩૯ કરોડની ચૂકવણી

ગાંધીનગર ડિવિઝનલ કચેરીની નોંધપાત્ર કામગીરી : એલ.આઇ.સી.ના ૬૨માં વર્ષમાં મંગલ પ્રવેશ અન્વયે વિમા સપ્તાહની ઉજવણી કરાઇ

ગાંધીનગર તા ૧

એલ આઇ સીની ગાંધીનગર ડિવિઝનલ કચેરી દ્વારા ૬૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે જિલ્લામાં વિમા સપ્તાહની અનોખી ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં એલ આઇ સીના કર્મચારીઓના

બાળકો માટે ચિત્ર સ્પર્ધા, કોબામાં નિશુલ્ક નિદાન કેમ્પ,વૃક્ષારોપણ ,પ્રશ્નોત્તરી તેમજ બહેરામુંગાની શાળાના બાળકો માટે કીટ વિતરણ સહીતના કાર્યક્રમો યાજાશે. ગાંધીનગર ડિવિઝન કચેરી દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ માં જુથ વિમા યોજના અન્વયે કુલ રૂ ૧૨૪.૬૭ કરોડની આવક મેળવી છે. જયારે વર્ષના અંતે કુલ ૨૦૨૨૭૨ દાવાઓ હેઠળ કુલ રૂ ૮૪૯.૩૯ કરોડની ચુકવણી કરવામાં આવી છે.

ભારતીય જીવન વિમા નિગમની ગાંધીનગર ડિવિઝનલ કચેરીના વરિષ્ટ મંડલ પ્રબંધક સનોજકુમારે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે ભારતીય જીવન વિમા નિગમે આજે ૬૧ વર્ષ પુર્ણ કર્યા છે. છેલ્લા છ દાયકામાં એલ આઇ સીની કુલ ૪૪૦૦ જેટલી નાની મોટી આફિસ કાર્યરત થઇ છે. જયારે હાલ ૧.૧૫ લાખ કર્મચારીઓ ફરજ બજાવી રહયા છે. એલ આઇ સીના હાલ ૨૯ કરોડ જેટલા ગ્રાહકો છે. જયારે દેશની ૪૦ કરોડની આબાદી એલ આઇ સી એ કવર કરી છે. અંદાજિત ૧૭ વર્ષ અગાઉ વિમાક્ષેત્રે ખાનગી કંપનીઓ કાર્યરત થઇ છે આમછતા સ્પર્ધા વચ્ચે પણ એલ આઇ સી હસ્તક ૭૬ ટકા માર્કેટ શેર છે. ૨૭ વિવિધ પ્રકારની પોલીસી ધરાવતા એલ આઇ સી ના નેટવર્ક માટે દેશમાં ૨૫ લાખથી વધુ એજન્ટો કામ કરે છે. જયારે ૨૫ લાખ કરોડની એસ્ટેટ ધરાવતા એલ આઇ સી મોટી રકમનો ઉપયોગ રાષ્ટ્ર નિર્માણ માટેના કામોમાં કરે છે. જયારે કલેઇમ સેટલમેન્ટમાં પણ એલ આઇ સી વિશ્વમાં અવલ્લ નંબરે છે. ગોલ્ડન જ્યુબિલી ફાઉન્ડેશન દ્વારા ચાલુ વર્ષ દરમિયાન ૨૦ વિદ્યાર્થીઓને વિદ્યાર્થીદીઠ રૂ ૧૦હજારની શિષ્યવૃતિ એનાયત કરવામાં આવી છે. સામાજિક સુરક્ષા હેઠળ કુલ ૩૬૯૨ દાવાઓની ચુકવણી કરવામાં આવી છે. જયારે આમ આદમી વિમા યોજના અન્વયે શિષ્યવૃતિ અને દાવાઓ પેટે કુલ રૂ ૨૦.૭૭ કરોડની ચુકવણી કરવામાં આવી છે. બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પુરની સ્થિતિ વચ્ચે અવસાન પામેલા પાલીસી હોલ્ડરની દાવાની રકમ ચુકવણી કરવામાં આવી છે.

ચિલોડા, લીંબડીયા, મહુન્દ્રા ગ્રામ પંચાયત દ્વારા સ્વાઈન ફ્લુ પ્રતિરોધક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

ચિલોડા, તા. ૧

ગાંધીનગર તાલુકાના મુખ્ય ગ્રામ્ય વિસ્તારોમાં બાળકો-વૃદ્ધોને શરદી-ઉધરસ-કફ-તાવ અને ઈન્ફેક્શનના વાયરાને લીધે વધુ જોવા

મળે છે. ત્યારે આયુર્વેદ દવા ઘરગથ્થુ ઉપચારો વધુ અસરકારક ફાયદારૂપ બનતા હોય છે. બાળકોને શરદી-ઉધરસ, કફ, તાવને દૂર કરનારા ઔષધોને ઉકાળા સ્વરૂપે બાળકોને આપી રાહત મેળવવા કોશિશ થઈ રહી છે. તાલુકાના ચિલોડા, લીંબડીયા, મહુન્દ્રા, ચંદ્રાલા જેવા ગામોના ગ્રામ પંચાયત દ્વારા તુલસી, અરડૂસી, સુંઠ, આદુ, હળદર, મરી, ગોળ જેવી ઘરગથ્થુ આયુર્વેદિક ઉકાળો બનાવી ગ્રામજનો, બાળકોને પીવડાવવામાં આવી રહ્યો છે. તેમજ સ્વાઈન ફ્લુથી બચવા શું કરવું તેની સમજ આપવામાં આવી હતી.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

જેસીઆઈ દ્વારા બાળ તંદુરસ્તી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧

જેસીઆઈ ગાંધીનગર દ્વારા તાજેતરમાં ૬ માસથી ૪ વર્ષના બાળકો માટે બાળ તંદુરસ્તી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૯૦ જેટલા નાના ભુલકાઓએ ઉત્સાહભેર ભાગ લીધો

હતો. સ્પર્ધામાં જોડાનાર દરેક બાળકને સર્ટીફિકેટ અને ગીફટ આપવામાં આવી હતી.

જેસીઆઈ ગાંધીનગર અને કલ્પ બાળકોની હોસ્પિટલના સંયુકત ઉપક્રમે સેકટર-૭ ડો. વિપુલ ચૌહાણના કલીનીક ખાતે તા.૩૧ ઓગસ્ટના રોજ બાળ તંદુરસ્તી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૬ કેટેગરીમાં ૯૦ બાળકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે નિર્ણાયક તરીકે હાજર મમતાબેન રાવલ તથા ચેતનાબેન થાનકીએ જણાવ્યુ હતું કે સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બાળકો એટલા બધા સુંદર અને તંદુરસ્ત હતા કે અમારા માટે વિજેતાની પસંદગી કરવી એ ખરેખર કઠીન કાર્ય હતું. જેમાંથી ૬ વિવિધ કેટેગરીમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિયક્રમ બાળ વિજેતાઓની પસંદગી કરવામાં આવી હતી. જેમાં હેલ્ધી બેબીમાં પ્રથમક્રમે કનક ભાગચંદાની, દ્વિતિયક્રમે નકસરાજ હાડા, તૃતિયક્રમે દ્રિજ સોની, તેવી જ રીતે કયુટ બેબીમાં પ્રથમ નંબર નેન્સી જોશી, બીજા નંબરે વિહા પરીખ તેમજ ત્રીજા ક્રમ જૈનીલ શુકલાએ મેળવ્યો હતો. જયારે બ્યુટીફુલ આઈસ બેબીમાં પ્રથમ ક્રમ મહિમ્ના મેવાડા, દ્રીતીયક્રમ દ્રીશ શાહ, ત્રીજાક્રમે કવન જોશી, જયારે હેલ્ધી હેર બેબીમાં પ્રથમક્રમ વેદિકા ઉપાધ્યાય, બીજાક્રમે જીનલ ચુડાસમા, ત્રીજાક્રમે યાન્વી સોલંકી ઉપરાંત ફેન્સી ડ્રેસમાં ૬ માસથી ૨ વર્ષના બાળકોમાં વિજેતાઓમાં અનેરી ભટ્ટ, નિત્યમ જોશી, રાજવી જેતાવત અને બે વર્ષથી ઉપરના બાળકોમાં આરોહી માહાની, કશવી આચાર્ય, ત્રીજાક્રમે હાદયંશા બારોટ વિજેતા બની હતી. આ કાર્યક્રમમાં કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, પૂર્વ પ્રમુખ જશવંત ગાંધી,સહિત મોટીસંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.ય જયારે કાર્યક્રમને સફળ બનાવવા જેસીઆઈના પ્રમુખ ડો. પરાગી ગાંધી અને ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.